| | |
|---|---|
| રજુ તારીખ | ૧૫/૧૨/૨૨ |
| દાખલ તારીખ | ૧૫/૧૨/૨૨ |
| ફેસલ તારીખ | ૧૬/૦૨/૨૩ |
| સમયગાળો | |

**અમદાવાદના મહેરબાન એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટ નં.૮, અમદાવાદ. અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશન, દાણાપીઠ, અમદાવાદ.**

**ક્રિમીનલ પરચુરણ અરજી નંબર.૭૮૩૯/૨૦૨૨**

**આંક–૧૩**

અરજદાર:– **પ્રતાપસિંહ પ્રેમસિંહજી રાઠોડ ઉ.વ.૫૭**
**રહે.સી–૧૦૪,ઈસ્કોન પાર્ક,સ્ટાર બજાર સામે, સેટેલાઈટ, અમદાવાદ**

**વિરુધ્ધ**

સામાવાળા:– ૧. રજીસ્ટ્રારશ્રી, જન્મ મરણ વિભાગ,
અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશન, અમદાવાદ.

**વિષય:– જન્મ મરણ અધિનીયમની કલમ:૧૩(૩) મુજબ મરણનીનોંધણીનો હુકમ મેળવવા બાબત.**

અરજદાર તરફે વિ.વકીલશ્રી એસ.બી.મોદી,

સામાવાળા તરફે વિ.વકીલશ્રી કોઈ નથી.

૧. અરજદારે હાલની અરજી જન્મ – મરણ નોંધણી અધિનીયમની કલમ: ૧૩(૩) હેઠળ તેમના પ્રથમ પત્ની નામે આનંદકંવર પ્રતાપસિંહ રાઠોડ ના મરણ ની નોંધ કરાવવા માટે દાખલ કરેલ છે. અરજદારે અરજીમા એવી હકીકતો જણાવેલ છે કે,

તેમની પ્રથમ પત્ની નામે આનંદકંવર પ્રતાપસિંહ રાઠોડ નુ મરણ તારીખ :–૩૧ /૦૮/૨૦૦૮ ના રોજ સી–૧૦૪,ઈસ્કોન પાર્ક,સ્ટાર બજાર સામે, સ ેટેલાઈટ,અમદાવાદ મુકામે થયેલ હતુ અને તેમના મરણની અંતીમ વિધી જામળા ગામની સીમમાં ખુલ્લી જગ્યામાં,જામળા હિંમતનગર જી સાબરકાંઠા મુકામે કરવામા આવેલ, અને જે તે વખતે તેઓની શરતચુકના કારણે તેમની પ્રથમ પત્ની મરણ અંગેની નોંધ જન્મ –મરણ નોંધણી અન્વયે સામાવાળાના રકેર્ડમા કરાવવાની રહી ગયેલ છે, અને હાલ તેમના મરણના દાખલાની જરુરીયાત સરકારી ના કામ સારુ ઉપસ્થીત થતા હાલની અરજી તેમની પ્રથમ પત્ની મરણની નોંધ કરાવવા માટે આપેલી છે. અરજદારે અરજીમા તેમની પ્રથમ પત્નીના મરણની વિગતો નીચે મુજબ આપેલ છે.

| | | |
|---|---|---|
| મરનારનુ નામ | :– | આનંદકંવર પ્રતાપસિંહ રાઠોડ |
| મરણ તારીખ | :– | ૩૧/૦૮/૨૦૦૮ |
| મરણ સ્થળ | :– | સી–૧૦૪,ઈસ્કોન પાર્ક,સ્ટાર બજાર સામે, સેટેલાઈટ,અમદાવાદ |
| અંતીમવિધી સ્થળ | :– | જામળા ગામની સીમમાં ખુલ્લી જગ્યામાં,જામળા હિંમતનગર જી સાબરકાંઠા |

૨. આમ, ઉપરોકત મુજબની વિગતો હોય અને જે તે વખતેતેમની પ્રથમ પત્નીના મરણની નોંધ કરાવવાની રહી ગયેલ હોય તેથી સામાવાળા અરજદારની પ્રથમ પત્નીના મરણની નોંધ કરી મરણનો દાખલો કાઢી આપે તેવી દાદ અરજદારે માંગેલ છે.

૩. આ અરજી દાખલ થતા અરજી રજીસ્ટરે નોંધવામા આવેલ છે, અને અરજી અરજદારના પુરાવા માટે રાખવામાં આવેલ છે. અરજદારે પોતાની અરજીના સમર્થનમા નીચે મુજબના મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.

**અરજદાર તરફે રજુ થયેલ પુરાવાઓ**

**-: મૌખીક પુરાવો :-**

| અ. નં | વિગત | આંક |
|---|---|---|
| ૧ | અરજદારની સરતપાસની એફીડેવીટ | ૮ |
| ૨ | સાહેદ બલવીરસિંગ સાયરસિંગ શેખાવત ની સરતપાસની એફીડેવીટ | ૯ |
| ૩ | સાહેદ ભાનુભાઈ શંકરભાઈ સુરેલા ની સરતપાસની એફીડેવીટ | ૧૦ |
| ૪ | સાહેદ મનસુખભાઈ રામજીભાઈ સોલંકી ની સરતપાસની એફીડેવીટ | ૧૧ |

**-: દસ્તાવેજી પુરાવો :-**

| અ.નં | વિગત | આંક |
|---|---|---|
| ૧. | અમદાવાદ મ્યુ. કોર્પો. ના જન્મ-મરણ નોંધણી વિભાગનુ નો રેકર્ડસર્ટીફીકેટ | ૪ |
| ૨. | પોસ્ટ મોટમ રીપોર્ટ | ૬ |
| ૩ | તા.૨૪/૧૨/૨૨ ના નિર્મળ ગુજરાત સમાચારપત્રની પ્રસીધ્ધ થયેલ જાહેર નોટીસ | ૭ |

ત્યારબાદ,અરજદારે આંક-૧૨ પુરાવા બંધની પુરસીસ રજુ કરેલ છે.

૪. આ અરજી ઈન્કવાયરી સ્વરુપની હોય જેથી અરજદારે જે સરતપાસનુ સોગંદનામુ આપેલ છે, તે પણ સી.આર. પી.સી. ની કલમ: ૨૯૬ હેઠળ ગ્રાહ્ય હોય જેથી તેને ધ્યાને લેવામા આવે છે.

૫. આ કામે અરજદારના રજુ થયેલ પુરાવા જોતા આંક–૪ થી રજુ થયેલ અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશન ના જન્મ – મરણ નોંધણી વિભાગના નો રેકર્ડ સર્ટીફીકેટ મુજબ અરજદારની પ્રથમ પત્નીના મરણની નોંધણી સામાવાળાના રેકર્ડમા થયેલ નથી તેવુ ફલિત થાય છે અને આ કામે આંક–૬ પોસ્ટ મોટમ રીપોર્ટ રજુ થયેલ છે જે વંચાણે લેતા, આ કામે અરજદારની પ્રથમ પત્નીના મરણ બાદ તેમની અંતીમ વિધી જામળા ગામની સીમમાં ખુલ્લી જગ્યામાં,જામળા હિંમતનગર જી સાબરકાંઠા મુકામે કરવામા આવેલ છે, તેવુ ફલિત થાય છે. અને આ કામે આંક–૭ થી જાહેર નોટીસ રજુ થયેલ છે અને તે જાહેર નોટીસના કામે કોઈ વાંધા તકરાર રજુ થયેલ નથી અને કાયદા મુજબ મરણ નોંધણી સામાવાળાના સરકારી રેકર્ડમા કરાવવી જરુરી છે અને આ કામે અરજદાર તથા અરજદારના સાહેદોના આંક–૦૮ થી આંક– ૧૧ મુજબના જે પુરાવા રજુ કરેલ છે તે પુરાવાની હકીકતે અરજદારની પ્રથમ પત્નીના નામે આનંદકંવર પ્રતાપસિંહ રાઠોડ નુ અવસાન તારીખ:–૩૧/૦૮/૨૦૦૮ ના રોજ થયેલ હોવાનુ જણાઈ આવે છે તે સંજોગોમા અરજી મંજુર થવાને પાત્ર જણાતી હોય, ન્યાયના હિતમા નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

**:: હુ ક મ ::**

અરજદારની હાલની અરજી આથી મંજુર કરવામાં આવે છે.

આ કામના સામાવાળાને એવો આદેશ કરવામાં આવે છે કે, અરજદારની પ્ર થમ પત્નીના મરણની નીચે મુજબની વિગતો હોય તે મુજબની વિગતો નોંધી જરુરી લેઈટ

ફી વસુલ લઈ અરજદારની પ્રથમ પત્નીના મરણની નોંધ કરી મરણનો દાખલો કાઢી આપવો.

| | | |
|---|---|---|
| મરનારનુ નામ | :– | આનંદકંવર પ્રતાપસિંહ રાઠોડ |
| મરણ તારીખ | :– | ૩૧/૦૮/૨૦૦૮ |
| મરણસ્થળ | :– | સી–૧૦૪,ઈસ્કોન પાર્ક,સ્ટાર બજાર સામે, સેટેલાઈટ,અમદાવાદ |
| અંતીમવિધી સ્થળ | :– | જામળા ગામની સીમમાં ખુલ્લી જગ્યામાં,જામળા હિંમતનગર જી સાબરકાંઠા |

આ હુકમની ચાદી સામાવાળાને કરવી.

આજરોજ હુકમ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૬/૦૨/૨૦૨૩
અમદાવાદ.

(મયુરી ભાસ્કર ભાલીયા)
ઈ/ચાએડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૮, અમદાવાદ.
જજકોડ નં.જીજે–૦૧૪૭૬